For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

અમદાવાદના વસ્ત્રાલના તોફાનીઓ બાદ સુરતમાં પહેલી વખત અસમાજિક તત્વો પર પોલીસની તવાઈ

# યોગીની જેમ સુરતમાં પણ ગેંગસ્ટરોના મકાનો પર દાદાનું બુલડોઝર

**સૂર્યા** મરાઠી હત્યા સહિત 22 જેટલા ગંભીર ગુનામાં સંડોવાયેલા રાહુલનાં 3 ગેરકાયદે મકાન તોડી પડાયાં

**આવાસની** ખુલ્લી જગ્યામાં ગેરકાયદે મકાનો તાણી તેમાં દારૂ-જુગાર જેવી ગેરકાયદે પ્રવૃત્તિઓ આચરતો હતો

**સ્થાનિકો** ત્રસ્ત હતા, મનપાના હાથ ધ્રૂજતા હતા, પરંતુ DGPના આદેશ બાદ હરકતમાં આવેલી પોલીસે ઓપરેશન ડિમોલિશન કરી નાંખ્યું

સુરતઃ અમદાવાદના વસ્ત્રાલમાં અસામાજિક તત્ત્વો દ્વારા આતંક મચાવાતા પોલીસના માથે માછલાં ધોવાતા રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયના આદેશ બાદ સુરત સહિત ગુજરાત પોલીસ એક્શન મોડમાં આવી ગઈ છે. ત્યારે માથાભારે સૂર્યા મરાઠીની હત્યા બાદ ચર્ચામાં આવેલા અને ઉધના વિસ્તારમાં ગેંગ ચલાવનાર રાહુલ એપાર્ટમેન્ટના મકાન પર હથોડા ઝીંકીને ડિમોલેશન કરવામાં આવ્યું હતું.

વેડરોડ પર ગુનાખોરીનો પર્યાય બની ગયેલા સૂર્યા મરાઠીની પાંચ વર્ષ પહેલા હત્યા બાદ ચર્ચામાં આવેલા અને ઉધના વિસ્તારમાં ગેંગ ચલાવનાર રાહુલ એપાર્ટમેન્ટ દ્વારા ગેરકાયદે રીતે ત્રણ મકાન બાંધવામાં આવ્યાં હતાં, જેનો ઉપયોગ તે અવૈધ પ્રવૃત્તિઓ માટે કરતો હતો. પોલીસે

...અનુસંધાન પાના 9 પર



## શહેરનાં 1300 અસામાજિક તત્વોની યાદી તૈયાર, ટૂંકમાં જ કાર્યવાહી શરૂ કરાશે

ડીસીપી ભાવેશ રોઝીયાએ કહ્યું કે રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય દ્વારા 100 કલાકની અંદર સમગ્ર ગુજરાતમાં અસામાજિક તત્વોની યાદી તૈયાર કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. સુરત ક્રાઈમ બ્રાન્ચે આ ટાર્ગેટ મુજબ 1300 ગુનેગારોને ઓળખી લેવામાં આવ્યા છે. આગામી દિવસોમાં તેમના વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી હાથ

...અનુસંધાન પાના 9 પર

## રાહુલ છેલ્લાં 15 વર્ષથી ગેંગ ચલાવી રહ્યો છે

રાહુલ એપાર્ટમેન્ટ ઉર્ફે રાહુલ પીંપડે છેલ્લા 15 વર્ષથી 'રાહુલ એપાર્ટમેન્ટ' ગેંગ ચલાવી રહ્યો છે. આ ગેરકાયદે ધંધા દ્વારા તે અનેક લોકોને ઉછીના પૈસા આપતો હતો અને પછી ઉઘરાણી માટે ગુંડાગીરી કરતો હતો. તેના વિરુદ્ધ ગુજસીટોક સહિત 22

...અનુસંધાન પાના 9 પર

## રાહુલના આ ત્રણ મકાન પર હથોડા ઝીંકવામાં ઉધના ઝોનના હાથ ધ્રૂજતા હતા

સરકારી આવાસમાં ખુલ્લી જમીન પર રાહુલ એપાર્ટમેન્ટ દ્વારા ત્રણ - ત્રણ મકાન તાણી દેવામાં આવ્યા

...અનુસંધાન પાના 9 પર

# બારડોલીના ધામદોડમાં ખાટલે સૂતેલા રખેવાળ ઉપર દીપડાના બચ્ચાનો હુમલો

**સતત** 15થી 20 મીનિટ હુમલો કરતા દીપડાનું બચ્ચું સતત અવાજ કરતું રહ્યું



બારડોલીઃ બારડોલીના ધામદોડ લુંભા ગામે પુણાના અનિલભાઈ પટેલની આંબાવાડીમાં રવિવારે રાત્રે દીપડાના બચ્ચાએ હુમલો કર્યો હતો, જેમાં એક વ્યક્તિને સામાન્ય ઈજા થઈ હતી.



મહેસાણા ગામના વિમલભાઈ દંતાણી અને તેમના સાથીદારો આંબાવાડીની દેખરેખ રાખી રહ્યા હતા. રાત્રે 11 વાગ્યે જમ્યા પછી તેઓ આંબાવાડીમાં ખુલ્લામાં ખાટલા ઉપર સૂતા હતા. રાત્રે

...અનુસંધાન પાના 9 પર

## કપરાડામાં દીપડો ઘરના ઓટલે આવી બેસી ગયો

વલસાડ : કપરાડા તાલુકાના પીપલસેત ગામના ઝાજુરના ફળિયા ખાતે સોમવારે મોડીરાત્રે એક ખેડૂતના ઘરે દીપડો આવી જતા અફરા તફરી મચી હતી. જોકે, કપરાડાના આરએફઓ અને તેમની ટીમે ભારે જહેમત બાદ આશરે 5 થી 6 વર્ષના દીપડાનું રેસ્ક્યુ કરી તેને તબીબી પરીક્ષણ માટે લઈ જવાયો હતો. સ્થાનિકોએ જણાવ્યું કે દીપડો અત્યંત અશક્ત હોઈ દોડી પણ શકતો ન હતો. સૂત્રો અને કપરાડા વન વિભાગના જણાવ્યા મુજબ પીપલસેત ગામના ઝાઝુરના ફળિયા ખાતે સોમવારે રાત્રે દીપડો સ્થાનિક ખેડૂત રમણ એસ. ગાંવિતના ઘરના ઓટલા ઉપર આવી બેસી જતા દોડધામ મચી હતી. જોકે ઘરના

...અનુસંધાન પાના 9 પર

## ઓલપાડ કાંઠાના સોંદલાખારા ગામના પશુપાલક ઉપર જંગલી ભૂંડનો હુમલો



સાયણઃ ઓલપાડ કાંઠાના સોંદલાખારા ગામની સીમમાં પશુઓ ચરાવવા ગયેલા એક પશુપાલક ઉપર જંગલી ભૂંડે અચાનક હુમલો કરી લોહીલુહાણ કરવાની ઘટના પ્રકાશમાં આવી છે. સોંદલાખારા ગામે હળપતિવાસના મંદિર ફળિયામાં રહેતા અને પશુપાલન કરતાં રાકેશભાઈ કાંતિભાઈ પટેલ રવિવારે સરકારી ગૌચરણમાં પશુઓ ચરાવવા માટે ગયા હતા. ત્યારે ફાંસામાં ફસાયેલા એક મહાકાય ભૂંડ અચાનક ફાંસામાંથી છટકી ગયું હતું અને તેમના સીધો હુમલો કરી દીધો હતો.આ હુમલામાં ઘાયલ રાકેશ પટેલને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સારવાર અર્થે સુરત નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં પ્રાથમિક સારવાર અપાયા બાદ તેને રાંદેર ખાતેની એક ખાનગી હોસ્પિટલમાં ખસેડાતા તે હાલ સારવાર લઈ રહ્યા છે. રાકેશ પટેલે હોસ્પિટલના બિછાનેથી કહ્યું કે, અમારા ગામની સીમમાં ઝીંગા ઉદ્યોગના અનેક તળાવો આવેલા છે. આ તળાવ ઉપર કામ કરતાં પરપ્રાંતિ મજૂરો સીમમાં ભૂંડ પકડવા ફાંસા લગાવી ભૂંડ પકડી તેનું માંસ આરોગે છે. જે પૈકી એક ફાંસામાંથી છટકી દયાલે ભૂંડે હુમલો કર્યો હતો.

# વિધાનસભામાં પૂર્ણેશ મોદીએ ગુજરાતમિત્રને ટાંકીને અખબારના મહત્વની ચર્ચા કરી

**1863માં** શરૂ થયેલું દેશનું ત્રીજા ક્રમનું સુરતનું અખબાર ગુજરાતમિત્ર વાંચીને જ આદિવાસીબંધુઓ સરકારી યોજનાની માહિતી મેળવે છે



ગાંધીનગરઃ ગુજરાત વિધાનસભામાં માહિતી અને પ્રસારણ વિભાગની અંદાજપત્રીય જોગવાઈ પરની ચર્ચામાં સુરત પશ્ચિમના ધારાસભ્ય અને પૂર્વ મંત્રી પૂર્ણેશ મોદીએ સુરતથી પ્રકાશિત થતાં 'ગુજરાતમિત્ર' અખબારની પ્રશંસા કરી મીડિયા જગતની મહત્વતા જણાવી હતી.

આજે ગુજરાત વિધાનસભામાં રાજય સરકારના આજે માહિતી અને પ્રસારણ વિભાગની રૂ.૨૩૨.૯૭ કરોડની અંદાજપત્રીય માંગણીઓ મંજૂર કરવામાં આવી હતી. ચર્ચામાં ભાગ લેતાં ભાજપના સુરતના સિનિયર સભ્ય પૂર્ણેશ મોદીએ કહ્યું હતું કે લોકશાહીની ચોથી જાગીર મીડિયાનું પણ ગુજરાત વિધાનસભામાં એટલું જ મહત્વ છે. વિધાનસભામાં પત્રકારો આગવું સ્થાન ધરાવે છે. વર્તમાન યુગમાં મોબાઈલની શોધ પછી સમાજમાં પણ મોટું પરિવર્તન આવ્યું છે. વિશ્વના કરોડો લોકો સુધી મીડિયા દ્વારા વિશ્વના કોઈ પણ છેડે બનતી માહિતી પહોંચી રહી છે. 1863માં શરૂ થયેલું દેશના ત્રીજા ક્રમનું અખબાર 'ગુજરાતમિત્ર' આજે પણ સુરતથી પ્રસિદ્ધ થઈ રહ્યું છે. મારે

...અનુસંધાન પાના 9 પર

# મેક્સિકો અને ગ્વાટેમાલામાં સુરતથી થતી ડ્રગ્સની હેરાફેરી ઝડપાઈ

**ATS** એ કાર્યવાહી કરી ત્રણ ફાર્મા અને કેમિકલ કંપનીઓની એક મહિલા સહિત બે ભાગીદારની ધરપકડ કરીઃ ત્રણ દિવસના રિમાન્ડ પર

## વિટામિનની આડમાં દવાઓ મોકલવામાં આવી રહી હતી

ભારતમાંથી મોકલવામાં આવતા પ્રતિબંધિત સાયકોટ્રોપિક પદાર્થ ફેન્ટાનાઇલ વહન કરતાં પાર્સલ પર વિટામિન-સીના નકલી લેબલ લગાવવામાં આવી રહ્યા હતા. આંતરરાષ્ટ્રીય ડ્રગ એજન્સીઓ, કસ્ટમ્સ અને અન્ય એજન્સીઓને છેતરવા માટે નકલી બિલ અને ઇન્વોઇસ તૈયાર કરવામાં આવ્યા હતા.

સુરતઃ સુરતની ત્રણ ફાર્મા અને કેમિકલ કંપનીઓ દ્વારા આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રતિબંધિત સાયકોટ્રોપિક પદાર્થ ફેન્ટાનાઈલ બનાવવા માટે વપરાતી સામગ્રી હવાઈ કાર્ગો દ્વારા મેક્સિકો અને ગ્વાટેમાલા મોકલવામાં આવતી હોવાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ATS એ આ ત્રણેય કંપનીઓના બે ભાગીદારોની ગુપ્ત રીતે ધરપકડ કરી છે અને તેમને ત્રણ દિવસના રિમાન્ડ પર લીધા છે.

એટીએસ પાસેથી મળતી વિગતો મુજબ ગયા વર્ષે નવેમ્બર 2024 માં ઈનપુટ મળ્યા હતા કે સુરત સ્થિત SR કેમિકલ્સ એન્ડ ફાર્માસ્યુટિકલ્સ, ઈથોસ કેમિકલ્સ પ્રાઈવેટ લિમિટેડ અને અગ્રાટ કેમિકલ્સ એન્ડ ફાર્માસ્યુટિકલ્સ નકલી લેબલ અને બિલનો ઉપયોગ કરીને એર કાર્ગો દ્વારા પ્રતિબંધિત સાયકોટ્રોપિક પદાર્થ ફેન્ટાનાઈલ મેક્સિકો અને ગ્વાટેમાલા મોકલી રહ્યા છે. આ તૈયાર કરવા માટે, નકલી એન્ડ યુઝર સર્ટિફિકેટનો ઉપયોગ કરીને ભારતની વિવિધ કંપનીઓ પાસેથી જરૂરી પ્રોસેસર અને અન્ય વસ્તુઓ ખરીદવામાં આવી રહી હતી. જે J|C ઈમ્પોર્ટ કંપની દ્વારા તેને હવાઈ કાર્ગો દ્વારા મોકલવામાં આવી રહ્યું હતું. તે મેક્સિકો અને ગ્વાટેમાલાના મુખ્ય ડ્રગ કાર્ટેલ સાથે જોડાયેલા છે. આનો ઉપયોગ કરીને તેઓ ડ્રગ્સ તૈયાર કરે છે. આ માહિતીની ચકાસણી કર્યા પછી, ATS એ સુરતમાં દરોડો પાડ્યો અને કાર્યવાહી કરી હતી. ત્રણેય કંપનીઓ

...અનુસંધાન પાના 9 પર

સુરતની શિવશક્તિ માર્કેટની આગની ઘટના રાજ્યસભામાં ગૂંજી

# શિવશક્તિની આગ ઓલવવા ફાયર બ્રિગેડ પાસે ફોમયુક્ત પાણી માટે પર્યાપ્ત કેમિકલ જ ન હતું!?

**રાષ્ટ્રીય** આપત્તિ રાહત ભંડોળમાંથી સરકાર વેપારીઓને વળતર ચૂકવે : શક્તિસિંહ ગોહિલ

સુરત : ગુજરાત કોંગ્રેસના રાજ્યસભાના સાંસદ અને પ્રદેશ પ્રમુખ સાંસદ શક્તિસિંહ ગોહિલે આજે રાજ્યસભામાં સુરતની શિવશક્તિ માર્કેટની આગની ઘટનાનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે ત્યાં કહ્યું હતું કે, આગને કાબૂમાં લેવા માટે સુરત મહાનગર પાલિકાના ફાયર બ્રિગેડ પાસે ફોમયુક્ત પાણી છોડવા માટે પર્યાપ્ત માત્રામાં કેમિકલ જ નહીં હતું. આ ઘટનાનો ભોગ બનેલા વેપારીઓને રાષ્ટ્રીય આપત્તિ ભંડોળમાંથી સરકારે વળતર ચૂકવવું જોઈએ.

તેમણે રાજ્યસભામાં જણાવ્યું હતું કે, બપોરે 1.30વાગ્યે ત્યાં આગ લાગી હતી. ફાયર બ્રિગેડે આગ બુઝાવી અને કહ્યું કે બધું નિયંત્રણમાં છે, જ્યારે ધુમાડો હજુ પણ વધી રહ્યો હતો. તેનો મતલબ કે બેદરકારી આચરવામાં આવી હતી.પરિણામ એ આવ્યું કે તે રાત્રે 1 વાગ્યે ફરી આગ લાગી અને બધું બળીને રાખ થઈ ગયું. 2020 માં પણ આવી જ એક દુર્ઘટના બની હતી, જેમાંથી સરકારે કંઈ શીખ્યું ન હતું.

જ્યારે મેં ફાયર બ્રિગેડ વિભાગના એક અધિકારી સાથે વાત કરી, ત્યારે તેમણે મને કહ્યું કે અમારી પાસે આવા અકસ્માતો માટે ખાસ રસાયણોનો સ્ટોક નથી, જે પાણીમાં ભેળવીને આગ ઓલવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. સુરત જેવા શહેર પ્રત્યે આવી બેદરકારી યોગ્ય નથી. જ્યારે આવી આકસ્મિક નુકસાની ગુજરાતીઓને થતી હોય છે ત્યારે ઉદાર હાથે સરકાર તેમને સહાય આપે છે . સૌથી વધારે દર્દનાક બાબત એ છે કે, શરૂઆતમાં 1.30

...અનુસંધાન પાના 9 પર

## શિવશક્તિ માર્કેટના વેપારીઓને રાહત પેકેજ આપવા સરકારનો ઇનકાર

**કોંગ્રેસના** ધારાસભ્ય ડૉ. તુષાર ચૌધરીને વિધાનસભામાં આ મુદ્દે ચર્ચા જ નહીં કરવા દીધી

સુરત : શિવશક્તિ ટેક્સટાઇલ માર્કેટમાં લાગેલી ભયાનક આગમાં ફસાયેલા વેપારીઓને રાહત પેકેજ આપવાનો ગુજરાત સરકારે ઇનકાર કરી દીધો છે. કોંગ્રેસના ખેડબ્રહ્માના ધારાસભ્ય અને પૂર્વ કેન્દ્રીય મંત્રી ડો.તુષાર ચૌધરીએ નિયમ-116 અન્વયે મુખ્યમંત્રી (શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ)નું ધ્યાન દોરવા માટે સ્પીકરને નોટિસ આપી હતી જે નામંજૂર કરી દેવામાં આવી હતી. ડો. ચૌધરીએ મુખ્યમંત્રી રાહતનિધિ કોષમાંથી શિવશક્તિ માર્કેટના અસરગ્રસ્ત વેપારીઓ માટે નાણાકીય સહાયની માંગ કરી હતી. સુરતની શિવશક્તિ માર્કેટમાં લાગેલી આગ બાદ કોંગ્રેસના ધારાસભ્ય અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી ડો. તુષાર ચૌધરીએ ગુજરાત વિધાનસભામાં આ મુદ્દો ઉઠાવ્યો હતો અને અસરગ્રસ્ત વેપારીઓ માટે નાણાકીય સહાયની માંગણી કરી હતી. જોકે, રાજ્ય



...અનુસંધાન પાના 9 પર

## શહેરમાં ઝાડા-ઊલટી, તાવની બીમારીમાં બે બાળકોનાં મોત

સુરતઃ સુરતમાં ઝાડા-ઊલટી અને તાવની બીમારીમાં સપડાયા બાદ બે બાળકોના મોત નીપજ્યા હતા. જેમાં વેડરોડ ત્રિલોકનગર સોસાયટીમાં રહેતા રત્નકલાકારના ત્રણ માસના પુત્રનું ઝાડા-ઉલટીની બીમારીમાં અને પાંડેસરામાં એમ્બ્રોઈડરી કારીગરની માસુમ પુત્રીનું તાવની બીમારીમાં સપડાયા બાદ મોત નિપજ્યું હતું.

મળતી માહિતી મુજબ, મૂળ મહારાષ્ટ્ર નંદુરબારના વતની અને હાલ વેડરોડ ખાતે આવેલા ત્રિલોકનગર સોસાયટીમાં રહેતા ગણેશભાઈ કોળી પરિવાર સાથે રહે છે અને રત્નકલાકાર તરીકે હીરાના

...અનુસંધાન પાના 9 પર







અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹૪૫૦૦/- | ₹3000/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર

જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦



અનાવિલ અવસાન



દિલગીરી સાથે જણાવવાનું કે મારા માતૃશ્રી જશવંતીબેન (લીલીબેન) સુંદરલાલ દેસાઈ (પુર્વ સ્કુલ પ્રિન્સીપાલ - સુરત એજયુકેશન સોસાયટી)નું તા. ૧૮/૦૩/૨૦૨૫ મંગળવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે.

સદ્‌ગતનું બેસણું
તા. ૨૦/૦૩/૨૦૨૫ ગુરૂવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે રાખવામાં આવેલ છે

સ્થળ
મીરાંમંદિર, સેન્ટ જેવિયર્સ સ્કુલની પાછળ, ઘોડદોડ રોડ, સુરત - ૩૯૫૦૦૧

સ્વ. જશવંતીબેન (લીલીબેન) સુંદરલાલ દેસાઈ
સ્વ. તા. ૧૮/૦૩/૨૦૨૫, મંગળવાર

લિ.
મનિષા જોબન દેસાઈ (પુત્રી)
પ્રથમ જોબન દેસાઈ (દોહિત્ર)
યુગ્મા હર્ષ પટેલ (દોહિત્રી)
જોબન ઠાકોરભાઈ દેસાઈ (જમાઈ)
ઉર્જા પ્રથમ દેસાઈ (દોહિત્ર વહુ)
હર્ષ ચેતનભાઈ પટેલ (દોહિત્રી જમાઈ)

હેતવીર - મહાન
Mobile No. : 98987 13307



પ્રથમ પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



સ્વ. વિરલભાઈ સુભાષભાઈ ચૌધરી
સ્વર્ગવાસ તા.૧૯/૦૩/૨૦૨૪

ભરયુવાનીમાં અનંત યાત્રાએ ચાલ્યા જવું એ ચોક્કસ અકુદરતી છે. આપનો સર્વે પ્રત્યેનો લાગણી સભર માયાળુ સ્વભાવ કદી ભૂલાશે નહીં. આપના દિવ્ય આત્માને ભગવાન કરૂણાસાગર શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

શ્રધ્ધાંજલિ સમર્પિત
શ્રી સુભાષભાઈ રામજીભાઈ ચૌધરી - (પિતાશ્રી) ૯૯૭૯૪૯૫૯૯
શ્રીમતિ કમળાબેન સુભાષભાઈ ચૌધરી - (માતાશ્રી) ૯૬૦૧૪૩૩૩૭૩
ગં.સ્વ. રાગીણીબેન વિરલભાઈ ચૌધરી - (ધર્મ પત્ની) ૭૬૦૦૦૨૧૩૫૯
સ્વરા વિરલભાઈ ચૌધરી (પુત્રી) - જિહાન વિરલભાઈ ચૌધરી (પુત્ર)
ગં.સ્વ. કાશ્મીરાબેન ગિરીશભાઈ ચૌધરી (બેન) - શ્રીમતિ ઉષ્માબેન તુષારભાઈ બઢિયા (બેન)
શ્રીમતિ ઉર્વીબેન અનંતભાઈ ચૌધરી (બેન)

નોંધ :- તા.૧૯/૦૩/૨૦૨૫ ના બુધવારના રોજ સાંજે ૮:૩૦ કલાકે થી કથા સત્સંગ, શ્રધ્ધાંજલિનો કાર્યક્રમ રાખેલ છે.

સ્થળ :- વાંકલ (બજેટ ફળિયું) તા. માંગરોલ જિ.સુરત



ચોથી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



મનુષ્ય નું જીવન મળવુ એ ભાગ્યની વાત છે. પરતુ મૃત્યુ પછી પણ લોકોના હૃદયમાં જીવતા રહેવુ એ જીવનમાં કરેલા કર્મની વાત છે. ભગવાન આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના. ''વ્હાલા પપ્પા'' તમારી ખોટ પરિવારને જીંદગીભર યાદ રહેશે. પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એવી પ્રભુને પ્રાર્થના..

લિ.
ગં.સ્વ. જયાબેન વસંતલાલ પોપટીયા
પ્રકાશચંદ્ર વસંતલાલ પોપટીયા
બિપીનકુમાર વસંતલાલ પોપટીયા
વિજયકુમાર વસંતલાલ પોપટીયા
તથા સમસ્ત પોપટીયા પરિવાર

સ્વ. વસંતલાલ ચુનીલાલ પોપટીયા
સ્વ. તા. ૦૨-૦૪-૨૦૨૧
તિથિ. ફાગણ વદ પાંચમ



|| શ્રધ્ધાંજલિ ||



જીવનમાં સબંધો જન્મથી બંધાય છે.
પરંતુ મિત્રનો સબંધ પરમાત્માના આર્શિવાદથી બંધાય છે.
નથી હયાત તુ પણ સાથે હોય એવુ લાગ્યા કરે છે.
હર પલ હાજરીનો આભાસ લાગ્યા કરે છે.
કયારેક કહેવાયેલ વાતોના ભણકારા વાગ્યા કરે છે.
યાદોમાં તારા પ્રત્યક્ષ દર્શન થયા કરે છે.
પ્રભુ તારી દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રભુ પ્રાર્થના..

લિ.
હિતેષ ગાંધી (એડવોકેટ)
વિકાસ ગુપ્તા દર્શન પટેલ
હિમાંશુ દોશી રવિ શાહ

સ્વ.રાહુલ મહેન્દ્રભાઈ દેસાઈ
સ્વ.તા.૧૨-૦૩-૨૦૨૫



|| શ્રધ્ધાંજલિ ||



મનુષ્ય જન્મથી નહીં, પણ કર્મથી ઓળખાય છે.
એટલે જ મરણ કરતા સ્મરણ વધુ યાદગાર બને છે.
જે ભાઈ તારી સ્મૃતિ એક વરદાન છે
પાંપણ ઝુકે ને નમન થઈ જાય,
મસ્તક ઝુકે ને વંદન થઈ જાય,
તું ગયો પણ તારી યાદ હજુ જીવંત છે.
પ્રભુ તારા આત્મા ને શાંતિ આપે એ જ પ્રાર્થના...

લિ.
સેજલ ગાંધી (એડવોકેટ)
સુમન ગુપ્તા ભાવના પટેલ
અલ્પા દોશી શ્રેયા શાહ

સ્વ.રાહુલ મહેન્દ્રભાઈ દેસાઈ
સ્વ.તા.૧૨-૦૩-૨૦૨૫



ક્ષત્રીય અવસાન-બેસણું



દીલગીરી સાથે જણાવવાનું કે અમારા પિતાશ્રી **સુરેશચંદ્ર ભગવાનદાસ કાપડીયા** નું અવસાન તા.૧૮-૩-૨૦૨૫ ના રોજ થયું છે. સદ્‌ગતની સ્મશાન યાત્રા ૧૯-૩-૨૦૨૫ બુધવાર ના રોજ અમારા નિવાસસ્થાનેથી ૯.૩૦ કલાકે નીકળી રામનાથ ઘેલા મુકામે જશે.

**સદ્‌ગતનું બેસુણું :** ૨૦-૩-૨૦૨૫ ગુરૂવાર સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાકે અમારા નિવાસસ્થાને રાખવામાં આવેલ છે.

નિવાસસ્થાન : એ-૪, નવરચના સોસાયટી, ડી.કે.પાર્કની સામે, કાપડીયા હેલ્થ કલબની સામેની ગલી, ભટાર રોડ, સુરત.

સ્વ. સુરેશચંદ્ર ભગવાનદાસ કાપડીયા
જન્મ તા.૧૧-૮-૧૯૪૯
સ્વ.તા.૧૮-૩-૨૦૨૫

ગં.સ્વ. મહેશ્વરી સુરેશચંદ્ર કાપડીયા
ધર્મેશ સુરેશચંદ્ર કાપડીયા (પુત્ર) | અલ્પા ધર્મેશ કાપડીયા (પુત્રવધુ)
નીમેષ સુરેશચંદ્ર કાપડીયા (પુત્ર) | વૈષ્ણવી નીમેષ કાપડીયા (પુત્રવધુ)
હિતેશકુમાર દારૂવાલા (જમાઈ) | મનીષા હિતેશકુમાર દારૂવાલા (પુત્રી)
(નવ્યા, તનીષી, હર્ષ, મિતાલી) રોહન ધર્મેશ કાપડીયા (પૌત્ર)